ગુજરાત રાજ્યની ગ્રામવિદ્યાપીઠ માટેની અધ્યાપક ભરતી માટેનો
જુદા- જુદા વિષયોનો લેખિત પરીક્ષા માટેનો અભ્યાક્રમ

ભાષા અધ્યાપક(અંગ્રેજી) **કુલ ગુણ : ૨૧૦**

પરીક્ષા પધ્ધતિ :

રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તારીખ. ૮/૧૧/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૭/ક થી સીધી ભરતીથી ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પધ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં MCQ-OMR/MCQ-Computer Based Response (CBRT) પધ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા Part-A અને Part -B એમ બે ભાગમાં લેવામાં આવશે.

PART-A

ક્રમ	વિષય	ગુણ
૧	તાર્કિક કસોટીઓ તથા Data Interpretation	૩૦
૨	ગાણિતિક કસોટીઓ	૩૦
૩	બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન	૩૦
	કુલ ગુણ	૯૦

PART-B

ક્રમ	વિષય	ગુણ
૧	વિષય સબંધિત અભ્યાસક્રમ ૧. History of English Literature ૨ English Grammar ૩. Research Methodology in English Literature ૪. About English Skills - Reading, Writing, Comprehension ૫. Writers and their Works.	૧૨૦
	કુલ ગુણ	૧૨૦

૧. Part -A માં કુલ ૯૦ પ્રશ્નો અને Part -B માં કુલ ૧૨૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પુછવામાં આવશે. Part-A અને Part -B બંને માટે સંયુકત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય આપવામાં આવશે.

૨ . Part -A અને Part -B નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે.

૩. ઉમેદવારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલ જવાબદીઠ કે જવાબ ન આપેલ હોય તેના મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્ક લાગુ પડશે. દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ "E" Not attempted રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નના જવાબ ન આપવા ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે. અને તેના માટે કોઈ નેગેટીવ માર્કસ લાગુ નહીં પડે.

૪. સ્પર્ધાત્મક પરીક્ષાના Part -A અને Part -B ના બંને માટે સ્વતંત્ર ૪૦% Qualifying Standard રહેશે. તેથી ઓછું Qualifying Standard નકકી કરવામાં આવશે નહી.

૫. સ્પર્ધાત્મક પરીક્ષાના Part –A અને Part -B ના બંને કુલ ગુણ ૨૧૦માંથી સૌથી વધુ ગુણ (પરંતુ બંનેમાં ૪૦% ગુણ હોવા જરૂરી) હશે તેવા ઉમેદવાર પસંદગીને પાત્ર બનશે. તેનાથી પછીના ક્રમના પ્રતિક્ષા યાદીમાં રહેશે.